પાલીતાણાની જૈન ધર્મશાળાઓ બાબતની ચર્ચા.

જૈનસાસન પેપરમાં આવેલી તે.

છપાવી પ્રસીદ્ધ કરનાર.

શેઠ. આણંદજી કલ્યાણજી.

અમદાવાદ.

સંવત ૧૯૭૩.] [સને ૧૯૧૭.

પ્રત. ૩૦૦.

અમદાવાદ.

શ્રી " જૈન એડવોકેટ પ્રીન્ટીંગ પ્રેસ. "

માં શા. ચીમનલાલ ગોકળદાસે છાપી. ઘી કાંટા વાળે

गूजरात विद्यापीठ ग्रंथालय

[गुजराती कॉपीराइट विभाग]

अनुक्रमांक ૭૦૪૩ वर्गांक

पुस्तकनुं नाम [illegible]

विषय २८ : २३६६२

ગુજરાત ... ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કૉપીરાઈટ-સેક્શન

જૈન શાસન પત્રમાં આવેલી ચર્ચાઓ.

સંવત ૧૯૭૩ ના કારતક સુદી ૧૪ ને બુધવાર પાના ૪૬૭—૪૭૨—૪૭૫ ઉપર છાપેલી તે.

પાલીતાણાના મુનીમોની જહાંગીરી.

પાલીતાણા સિદ્ધક્ષેત્રના પરમ પવિત્ર તીર્થ સ્થાનની યાત્રા માટે દુર દુરના ભાવિક બન્ધુઓ આવે છે. તેઓને અહીં આવ્યા પછી જે જે મુશીબતો વેઠવી પડે છે તે દૂર કરવાને સ્વયં સેવકોની આવશ્યકતા અમે અમારા ગતાંકમાં બતાવી ગયા છીએ. યાત્રિક બન્ધુઓને ઘણીખરી મુશીબતોમાંની સૌથી મોટી મુશીબત ધર્મશાળાઓમાં ઉતરવા બાબતની છે. આ ધર્મશાળાઓ ધનાઢ્ય બંધુઓના પૈસાથી બંધાએલી હોય છે. અને તેના વતી ધર્મશાળામાંથી ઝાડુ કઢાવવા અને એવીજ બીજી દેખરેખ રાખવા માટે દશ બાર રૂપીઆના પગારદાર નોકરો રાખેલા હોય છે. આ નોકરો પોતે નિરંકુશ સત્તા જમાવીને મુનીમ પદ ધારણ કરી દુરથી આવતા યાત્રિકો તરફ જે શુન્ય હૃદયથી વર્તાવ વર્તે છે તે બાબતની ઘણી વાતો સાંભળતાં અમને વારંવાર ખેદ થાય છે. શ્રીમદ્ સદ્ગુણાનુરાગી મુનિશ્રી કર્પુરવિજયજી જેવા નિઃસ્પૃહી વિદ્વાન અને આદર્શ સાધુ પણ પોતાના આજના લેખમાં મુનીમોના જુલમાટની ઝાંખી કરાવે છે. મુંબાઈના એક કેળવાએલા ગૃહસ્થનો પણ એજ મતલબનો પત્ર અમોએ રજૂ કર્યો છે. આ બધા ઉપરથી મુનીમો આવા પ્રસંગોએ યાત્રિકો તરફ કેવી રીતે વર્તન

રાખતા હશે તેનો સારો વિચાર આવી શકતો નથી. ધર્મશાળાઓ બંધાવનારા ગૃહસ્થોની બેદરકારીનું પરિણામ આ જહાંગીરી છે અને તેના યોગે તીરથ વાસીઓના મનની હિંસા થાય છે. તીર્થ ક્ષેત્રમાં સાધર્મીના આત્માને હીન કરવાના પાપના ભાગી તે શેઠીઆઓ થાય છે. ધર્મશાળાઓ બંધાવતાં આવી રીતે પાપ ઉપાર્જન કરવાનો શ્રીમંતોનો આશય નહીંજ હોય પણ આતો તેમણે પાપ રાશિ ભેગા કરવાની વખારો બંધાવી હોય એમ અમને અમારા યાત્રિક બન્ધુઓના દુઃખની કલ્પના કરીને કહ્યા વિના ચાલતું નથી. જે ગૃહસ્થોએ આ ધર્મશાળાઓ બંધાવી હશે તે ગૃહસ્થોનું અહીંઆ આ પૃથ્વી તળ પર એજ સ્વરૂપમાં અસ્તિત્વ નહીં હોય તો પણ તેમના વંશજો તો હશેજ આ વંશજોજ વડીલોપાર્જીત મિલ્કતોને પાપની વખારો પોતાની બેદરકારીથી બનાવેછે. કોણ જાણે કયા યોગે ધર્મશાળાના મુનિમો ઘણાખરા સાધર્મી હોવા છતાં પણ સાધર્મી બંધુઓને એટલી હેરાનગતીએ પહોંચડાવતા હશે તે સમજાતું નથી. બે ચાર કે આઠ આનાને લોભને વશ થઇ આટલા બધાં કર્મવિપાકને એ ક્ષુલ્લક મતિના જીવો બાંધતા હોય તો તેઓના જીવનને માનવ જીવન કહેવા કદી પણ યોગ્ય નથી. અતિથિ થઇ આવેલા પરદેશી બંધુઓ સાધર્મીઓને કોઇપણ પ્રકારનું સંકટ ઉત્પન્ન કરવું એના જેવું બીજું ભયંકર પાપ બીજું કયું હોઇ શકે ? આવા મુનિમો પણ નાનાં નાનાં સ્વામિવાત્સલ્ય.વશ કરીને અમે સંઘ ભક્તિ કરીએ છીએ આમ બતાવે છે તો આ વખતની તેમની સંઘભક્તિ કયાં ગઇ ? તેના સ્વામિવાત્સલ્યનો ભાવ કયાં ગયો ? બધો બતાવવાનો ડોલ છે. એ વિના કશું નથી. એકાદ વગવાળી સેવક સમિતિ સ્થપાય તો આ સત્તા વિનાના સત્તાધારીઓની જહાંગીરી શમે તેમ છે કારણ કે ધર્મશાળાઓના બંધાવનારા કે તેના વારસો તો તતુંડીનો અવાજ સાંભળવાને નવરા નથી એટલે શું ?

* * *

યાત્રિક બંધુઓ અને બ્હેનોને અગત્યની સુચના.

૧૬ કંઇક ભાગ્યશાળી જનો સંઘપતિ થઇ સંઘની ભક્તિ કરતા આવે છે તો આપણાથી બની શકે તેટલી સાધર્મી ભક્તિ અવશ્ય કરવી.

૧૭ તીર્થ ભેટવા આવતા યાત્રિક જનોની હરેક પ્રકારની સગવડ યથાશક્તિ સાચવવા ચીવટ રાખવી એ ખરી ભક્તિ સમજવી.

૧૮ જો લોભ લાલચ મુકી સંતોષ વૃત્તિ રાખવામાં આવે તો તો હરેક ધર્મશાળાના મુનીમો પણ પુષ્કળ ભક્તિનો લાભ મેળવી શકે.

વર્તમાન ચર્ચા.

[૨]

સાહેબ,

યાત્રા કરવાની સાથો સાથ થોડું ઘણું સામાજીક કાર્ય કરવાના ઉદ્દેશથી અત્રે આવવું થયું છે, સ્વયં સેવકનો લેખ જે આપણા ગયા અંકમાં આવેલ છે તેને માટે, કંઇક હીલચાલ કરવી છે. આ વરસે યાત્રાળુની સંખ્યા વધુ પ્રમાણમાં થશે એમ સંભવ છે કેમકે છેલ્લા બે ત્રણ વર્ષ પ્લેગ, કોલેરા, વિગેરેનો અત્રે ઉપદ્રવ હતો. અત્રેના ધર્મશાળાના મુનિમો અને ગુમાસ્તાઓનો જુલમાટ વિશેષ છે, તેને માટે કંઇક પ્રયાસ કરૂં છું, આજરોજ ઘણી ખરી ધર્મશાળાઓમાં હું જતે જઇ તપાસ કરવાનો છું મુનીમો પૈસા લીધા વિના ઓરડીઓ ખાલી હોવા છતાં આપતા નથી. આવતી કાલથી કારતક વદી ૫ સુધી દરેક ધર્મશાળામાં કેટલી કેટલી ઓરડીઓ ખાલી રહે છે અને તેનો દરરોજ નોંધ રાખવાની વ્યવસ્થા કરી છે અને પછી જે જે જાતની હાડમારીઓ આવા યાત્રાને પ્રસંગે યાત્રાળુને ખમવી પડે છે તેનો આખો રીપોર્ટ આપીશ.

તે ઉપરાંત કેળવણી ફંડ માટે પેટીઓ ફેરવવાની અને જાહેરખબર વહેંચાવાના ગોઠવણ કરી છે. મારા આ કામમાં યાત્રિકો પૈકીના ને યુવકો અને સ્થાનિક સજ્જનો મને સહાય કરશે કે!

લી० સંઘનો સેવક.

સંવત ૧૯૭૩ ના કારતક વદી ૫ ને બુધવાર પાના ૪૮૨—૪૮૩ ઉપર છાપેલી તે.

ધર્મશાળાના મુનીમોનું યાત્રીકો પ્રત્યે વર્તણુક.

સ્ટેશનથી ઉતરી યાત્રિકો ધર્મશાળાઓમાં મુકામ કરવા જાય છે તે વખતે ધર્મશાળાના મુનીમોને જગા નથી એવી રીતે પ્રથમ દાખલ થતાંજ ઉચ્ચારણ કરતા આપણે સાંભળીએ છીએ. આમ થવાનું મુખ્ય કારણ ત્યાંના મુનિમો માથા ભારે થઈ પડયા છે અને આવી ફરીઆદો પત્રો દ્વારા તેમજ યાત્રિકોના કાગળોથી અનેકવાર કરવામાં આવ્યા છતાં તેની દરકાર કે પરવા કરવામાં આવતી નથી તેનું મુખ્ય કારણ તેઓના ધર્મશાળાના માલીકો ઉપર તેમજ મુનીમો ઉપર કોઈ પણ જાતનો અંકુશ આણંદજી કલ્યાણજીનો નથી કારણ કે તેઓ તો પોતાની સ્વતંત્ર માલીકી સમજે છે, પણ અમો કહેવા માગીએ છીએ કે. ધર્મશાળા નામ ધારણ કરનાર મકાન હમેશાં સમાજની માલીકીનુંજ ગણાય છે, અને તેના ઉપર સમાજનો હક કાયમ હોય છે, છતાં બીચારા યાત્રિકો બ્રીટીશ ન્યાયથી અજાણ હોવાથી તેમજ કેટલાક ધનીકો પૈસાથી જગ્યા મેળવી શકતા હોવાથી તેની આજદીન સુધી દરકાર કરવામાં આવેલ નથી. પણ જેમ જેમ જમાનો આગળ વધતો જાય છે તેમ તેમ તેમ તેમ કાંઇક સમજ શકિત તેમજ સુધારાના વાતાવરણના અંકુરો પ્રવેશ કરતાં જાય છે ત્યારથી સમજી શકાય છે કે આવી વર્તણુંક ગેરકાયદેસર છે, છતાં તેન માટે ચાંપતા ઉપાયો લેવાતા નથી અને આવી અંધાધુધી ચલાવી લેવાય છે જ્યારે બીચારા ગરીબ વર્ગના યાત્રિકો શાંતી પુર્વક યાત્રાનો લાભ લેવા આવે છે ત્યારે તેઓને રહેવાના અભાવે ટુંક સમયમાં યાત્રા કરી ચાલ્યા જવું પડે છે આવી રીતે ભોગવવા પડતી હાડમારીનો બોજો સદા ધનીકોને માથેજ રહે છે. કારણ કે ધનીકો પોતાના ખીસ્સાના તરથી થતી મુશ્કેલીઓ.સમજી શા-

કતા નથી અને ગરીબોને અન્યાય આપવામાં આવે છે, માટે ધનીકોનું કર્તવ્ય છે કે મુનિમોને જે નવાજેસ કરવામાં આવે છે, તેનાથી હમેશાં દુર રહેવું જોઈએ આગળ વધી અમારે કહેવું પડે છે કે આણંદજી કલ્યાણજીના મુનીમોએ આવી મુશ્કેલીનો રીપોર્ટ અમદાવાદની કમીટીને કરી તેની ફરીયાદો ધર્મસાળાના માલીકોને સમજાવવી જોઈએ છીએ. જો કે ધર્મશાળાના માલીકો હમેશાં પૈસા પાત્ર હોય છે અને તેની સાથે સંબંધ રાખવાનો આણંદજી કલ્યાણજીના પ્રતિનીધીઓનો મુળ ઉદ્દેશ હશે પણ તેમ ન કરતાં યાત્રિકોને ઘણીજ હાડમારી ભોગવવી પડે છે માટે તેવા ખાતાઓને હમેશાં આણંદજી કલ્યાણજીના અંકુશ નીચે મુકાવવાની જરૂર છે જ્યાં સુધી તેમ કરવામાં આંખમીંચામણાં કરવામાં આવશે ત્યાં સુધી મુનીમો દાદ આપશે નહીં, તેમજ ભોળા શેઠીયાઓ મુનીમો ઉપર દબાણ કરી શકશે નહીં અને તેમ કરવામાં જો ધર્મશાળાના માલીકો મન ઉપર નહીં લે તો તેને માટે બ્રીટીશ કાયદાનો અમલ સમાજ તેના ઉપર કરતા શીખશે તો તેનું પરીણામ ઘણુંજ ન ઇચ્છવા જોગ થશે, તેવું અમારૂં આધીનમત છે. ધર્મસાળા નામ ધારણ કરવાં બહુજ વિચારવાનું છે કે તેની માલીકી કોની હોઈ શકે ? આ જગાએ એવો પ્રશ્ન ઉત્પન્ન થવાનો સંભવ છે કે અમોએ, તેના ઉપર અમારો માલીકી હક રાખ્યો છે અને અમો વહીવટ કરીએ છીએ તો તેના ઉતરમાં હમો એટલુંજ કહેવા માગીએ છીએ કે તેનો માલીકી હક ખાનગી ઉપયોગ માટે હોય તોજ ધરાવી શકાય છે, પણ ધાર્મીક સંસ્થા તરીકે નહીં. જો તમો તેને સાર્વજનીક કરવા ન માગતા હો તો તેને ધર્મશાળાના ઉપનામથી દુર રાખી તમારી માલીકીના પાટીઆ લગાવો જ્યાં સુધી ધર્મશાળાના નામથી ઓળખાવશો ત્યાં સુધી તેના ઉપર સમાજનો હક છે, ફક્ત ટ્રસ્ટી તરીકે તેનો વહીવટ સમાજના હીત ખાતર તેની મરજી અનુસાર કરી શકો છો. તેમજ કેટલીક ધર્મશાળામાં રસોડા તેમજ પાગરણ વાસણ કુસણ વગેરેની સગવડતા કરવામાં આવતી નથી તો કેટલીક ધર્મશાળાઓમાં તેવી સગવડતા રાખવામાં આવે છે

પણ તેઓ ધર્મશાળાઓમાં તેના ભાડા ઉપજાવી આણંદજી કલ્યાણજીના હકને નુકશાન પહોંચાડે છે, તેટલુંજ નહીં બલકે જેટલાં ખાતાં આણંદજી કલ્યાણજીની પેઢીના છે; તેટલાંજ ખાતાંઓ તેઓ ધરાવે છે, અને તેની રસીદ બુકો રાખી તેવા ખાતાઓને પોષણ આપનારા ધનીકોને સગવડતા કરી આપી ખીસ્સા ખાલી કરાવે છે. આવી રીતે કરવાથી ગરીબોને જગ્યા મળતી નથી. તેમજ આણંદજી કલ્યાણજીની પેઢીના ખાતાઓની ઉપજને મોટો ધકો પેહોચાડે છે કારણ કે ધર્મશાળાઓમાંજ ખીસ્સા ખાલી થવાથી આણંદજી કલ્યાણજીની પેઢી સુધી પહોચવા તેઓના ખીસ્સામાં નાણાં રહેતા નથી. આ વાત ઘણીજ વિચારણીય છે.

*   *   *   *

આજથી ત્રીસ વર્ષ પહેલાંનો ઇતિહાસ અને અત્યારનો દૃષ્ટીપાત.

પાલીતાણામાં આજથી ત્રીસ વર્ષ પહેલાં ફક્ત ગામમાં જ આશરે દશથી બાર ધર્મશાળાઓ હતી. તે વખતે યાત્રીકોની આવક આવા મોટા પુર્ણીમા જેવા દિવસોમાં ત્રીસ હજાર સુધા વધાને થતી હતી વળી તે વખતે યાંત્રીક સાધન નહોતું પણ સોનગઢ સ્ટેશનથી ઉતરી બેલગાડીયોથી માણસો આવતા હતા. છતાં ઉપર બતાવ્યા પ્રમાણે મોટા પ્રમાણમાં યાત્રીકો આવા મહાન તિર્થોનો લાભ લેતા હતા છતાં તેવી મોટી સખ્યાને ઉતરવાની સગવડો થવા પામતી હતી અને આવી ફરીઆદો ઉપસ્થીત થવાનું બીલકુલ કારણ મળતું નહોતું ત્યારે આજે ગામ બહાર મોટી સંખ્યામાં યાત્રીકો રહી શકે તેવી સગવડવાળી દશ બાર ધર્મશાળાઓ લાખો રૂપીઆ ખરચી બધાવવામાં આવીછે, વળી વીસથી ત્રીસ વર્ષ પહેલાં ત્રીસ હજાર જેટલી સંખ્યામાં યાત્રીકોની હાજરી જણાતી હતી ત્યારે આજે વધારેમાં વધારે દશથી પંદર હજાર માણસો આવા મોટા પુર્ણીમા જેવા દીવ-

સોમાં એકઠી થવા પામે છે, જે વખતે આણંદજી કલ્યાણજીની પેઢી ઉપર ધનીકોની પહોંચો મેળવવા તેમજ ધાર્મિક પસાનો સદુપયોગ થવા માંગણીઓ થતી જે વખતે પેઢી તરફથી માગવામાં આવતા દિવસો મળી શકતા નહીં તેમજ કેટલીક લાગવગ પહોંચાડવાથી પોતાના પૈસાનો સદ્વ્યય થતો, અને એકજ મેળા ઉપર રૂપીઆ ૫૦ થી ૬૦ હજાર સુધીની આવક થવા પામવાના દાખલા આપણી નજર આગળ તરે છે, "ત્યારે આજે આવા પવિત્ર દિવસોમાં રૂપીઆ દશ હજાર પણ એકઠા થતા નથી. તેનું જ્યારે કારણ શોધવા બેસીએ છીએ; ત્યારે સાફ સાફ જણાઇ એ.વેછેકે બાંધવામાં આવેલી ધર્મશાળાના મુનીમો ઉતારૂઓને ચુસી લેવા પાછીપાની કરતા નથી. આવો દોષ તેઓના એકના માથા ઉપરજ છે તેમ નથી પણ કેટલીક ધાર્મિક પરપોટા કંપનીઓ પણ ઉભી થવા પામી છે, તેમના ઉપર પણ લટકે છે. વળી દરેક યાત્રીકોના બારણા પાસે મોટા મોટા થોથાં ઉઘાડી સમજાવટ કરતાં આપણે જોઇએ છીએ. બડેખાંઓ આવા આડંબરો જોઇ અંજાઇ પરપોટા કંપનીના કાર્યવાહકોના ખીસા ભરે છે, અને બાકી રહેલું ધર્મશાળાના મુનીમો તેમજ તેના ખાતાને પોષવામાં રોકાઇ જાય છે આવી રીતથી ભદ્રીકોને સમજાવવાની બાજીઓ રચવામાં આવેછે, તેને કાયદા કે બીજી કોઇ રીતે અડચણ ન થાય તેની તેઓ સાવચેતીયો રાખતા જણાય છે, છતાં આપણને જો કાંઇપણ બારીકી મળતી હોય તો તેના ઉપર હવે ફકત આણંદજી કલ્યાણજીનો અંકુશ યા તો રાજ્ય સત્તાનો ઉપયોગ તેના ઉપર કરવો જોઇએ. તે સિવાય બીજો ઉપાય અમારી દ્રષ્ટીમાં કાંઇ જોવાતો નથી. જ્યાં સુધી આવી બાબતોનો યોગ્ય નિર્ણય નહીં કરવામાં આવે અને આવી અંધાધુંધી ચલાવી લેવામાં આવશે તો જે કાંઇ જજ આવક આણંદજી કલ્યાણજીની પેઢીને રહી છે તે પણ રહેવા પામશે નહી તેમજ હાડમારીઓ વધતી જશે માટે સવેળા આવી અગવડો દુર કરવાને માટે ચાંપતા ઉપાયો લેવાને એક સ્વયંસેવક મંડળ આણંદજી કલ્યાણજીની પેઢીને મદદગાર રૂપ ઉભું કરવાની

જરૂર છે તે મંડળ આવી હાડમારીનો રીપોર્ટ આણંદજી કલ્યાણજીને કરે અને તેના ઉપર કમીટીનું ધ્યાન ખેંચે અને જે જે મુશ્કેલીઓ ઉભી થતી હોય તેને દુર કરવા માટે યોગ્ય પગલાં ભરવા મન ઉપર લે તેમજ આવી હાડમારીનો તેમજ દેવ દ્રવ્ય વીગેરેમાં થતો ગેર ઉપયોગ અટકાવતા થશે.

* * *

સંવત ૧૯૭૩ ના કારતક વદી ૧૨ ને બુધવાર પાના ૪૯૮ ઉપર છાપેલી તે.

જૈન યાત્રીકોને ભોગવવી પડતી હાડમારી.

આણંદજી કલ્યાણજીના પ્રતિનિધી પ્રત્યે અમારી નમ્ર સુચના.

અમારો અનુભવ.

(૨)

મુનિઓનું જુઠાણું.

યાત્રાના મોટા પ્રસંગો આવી લાગે છે ત્યારે મુનીઓ સમયસુચકતા વાપરી કેટલીક ઓલીયોમાં નકામો સામાન ભરી રાખે છે. તેમજ કેટલીક ઓલીઓ શેઠ લોક આવવાના છે એવા બ્હાનાએ ખાલી રાખી મુકે છે આ વખતે જો કોઈ રૂવાબદાર યાત્રીકો આવી ચડે છે અને મુનીઓની આવું જુઠાણું ભરેલી હોંશીયારી પરખી જાય છે તો યાત્રીકો તાળાં તોડી ઓલી ઉઘડાવે છે અને તે વખતે મોટી રકઝક થાય છે. ભાવિક અને ધાર્મિક ભ્રાતૃભા-

ભાવને વિશાળપણે સમજનારા આપણા સમાજમાં યાત્રાના પ્રસંગોએ આવા બનાવો બને એ સર્વથા અનિષ્ટ છે વળી ધર્મશાળાના મુનીયો એવા હાકેમ જેવા થઇ પડયા છે કે આવી એક નાની શી બાબતને બન્ને અઠવાડીયા થયાં મોટું સ્વરૂપ આપી ચીતરવી પડે છે. ધર્મશાળાના મોટા ખંડો મુનિયો પોતાને માટે ખાસ રાખે છે વળી શેઠોના જુદા જુદા ઠેકાણાના મુનીમો યાત્રાના પ્રસંગે ભેગા થઇને એવા એકથી વધારે મોટા ખંડો રોકે છે તેથી પણ ધર્મશાળાનો કેટલીક ભાગ રોકાઇ જાય છે આ બધી આપખુદીમાં યાત્રીકોને ઘણું સહેવું પડે છે. આપણાં સમાજનાં ઘણાખારા દુઃખો આપણે પોતેજ પોતાને હાથે ઉભાં કરીએછીએ એ આ બીના ઉપરથી દ્રષ્ટિએ તરવરી આવે છે. આપણો સમાજ દારિદ્રય ભોગવે છે પણ એ દારિદ્રય આણ્યું કોણે? આપણે પોતેજ. આપણે હાથે ખોટાં ખરચો અને ભપકાઓથી એ દારિદ્રય ઉભુ કર્યું છે. વૃદ્ધ વિવાહ અને કજોડાં સજી આપણે આપણી જાતિના સ્ત્રીવર્ગને સત્વ વિનાનો અને હીણાયલો બનાવી મુકીએ છીએ, આપણે પોતેજ ધર્મના પ્રસંગોએ ધાર્મીક શ્રદ્ધાળુ બન્ધુઓને પૈસા નીચોવીને દુખી કરી મુકીએ છીએ. આપણેજ યાત્રા વિગેરેના પ્રસંગોમાં આપણા સુખ અને સગવડની ખાતર આપણા ધર્મ બન્ધુઓને હરકતો ઉભી કરીએ છીએ. ધર્મશાળાના મુનીમોને યાત્રીકોમાંના પૈસાવાળા લોકોએ ભેટ સોગાદોમાં ચણા લેવાને દમડીઓ આપીને હરામ ચશ્કેલ બનાવેલા તેથીજ યાત્રીકોમાંના ગરીબ વર્ગને અને હવે તો એવા પૈસાવાળાઓને વધુ ઓછા પ્રમાણથાં ધક્કા ખાવાનો પ્રસંગ આવેલ છે. પૈસા પ્રાપ્તીના લોભ આગળ મુનીમો ધર્મભાવના તીર્થક્ષેત્ર સ્થાન વિગેરે સૌ ભુલી જાયછે અને ગમે તેવા ધર્માત્માઓના જીવોને દુઃખાવવા રૂપી હિંસા કરતા પાછી પાની કરતા નથી. કોટાવાળાની ધર્મશાળા કે જ્યાં આચાર્ય શ્રીમદ્ વિજય ધર્મ સુરીશ્વર ચાતુર્માસ રહ્યા હતા તે ધર્મશાળામાંથી આઠ મુનિયોને શેઠ આવવાના છે એ બ્હાનાથી ખસેડવામાં આવ્યા હતા. અને માંડ માંડ એકજ મુનીમહારાજ એક નાની ખોલીમાં સ્થિત થવા પામ્યા હતા. જો કે શેઠ લોકો આવ્યા હતા પણ તેઓના નામથી મુનીમહારાજોને ખસેડવામાં

આવ્યા તેથી તેઓ નારાજ થયા હતા. આવી પરિસ્થિતિની રીતે મુનીમો ઘણીવાર યાત્રીકો ઉપર શેઠના બહાને પણ જુલમ ગુજારતા જણાય છે. ઉપર જણાવ્યું તેમ આવા મેળાના પ્રસંગમાં મોટા રૂમો ખાલી કરાવી મુનીયો એકી સાથે રહેવાની સગવડતા કરે એ વધારે આવકારદાયક છે. કારણ એક કે :એ મુનીયો જે આવા રૂમો રોકે છે તે કરતાં તેઓ થોડા વખત માટે કોટડીમાં સ્થીરતા કરે તો વધારે સારૂ ગણાય આવા રૂમોમાં 'એકી સાથે ૨૦૦ માણસોનો સમાવેશ થઇ શકે તેવી સગવડતા હોય છે. આવી રીતે જે પ્રણાલીકા ચાલે છે.

આણંદજી કલ્યાણજીની પેઢીને વિનંતી.

તેમાં આણંદજી કલ્યાણજીના મુનીમોએ ધ્યાનમાં રાખવાનું છે. જો કે, ધર્મશાળાના માલીકો મુનીમોને દાદ આપતા નથી પણ અમારૂં કહેવું એ છે કે તેઓ ઉપર આણંદજી કલ્યાણજીનો અંકુશ જરૂર હોવો જોઈએ. કારણ કે સમાજની તે બનેલી છે, અને તેઓ સમાજ માટે જે કરે તે ફરજને અદા કરવા જેવું છે. આણંદજી કલ્યાણજીની પેઢી સમસ્ત ભરતખંડના સંઘની બનેલી છે તો, જેવી રીતે યાત્રીકો પાસેથી સમજાવી રકમો કઢાવે છે તેવી રીતે તેની સગવડતા કરી આપવાની પેહેલી ફરજ વિચારવાની છે. છેવટમાં યાત્રીકોને જે જે હાડમારી નીચે તેમજ ડુંગર ઉપર ભોગવવી પડે છે તે કેમ ઓછી થાય તેની દરેક નોંધ કરી પ્રતિનીધીઓ પાસે રજુ કરી અમારી નમ્ર સૂચના પ્રમાણે એક વગવાળુ સ્વયંસેવક મંડળ ઉભુ કરવું અને તેની મારફત કામ લેવામાં આવશે તો અમો માનીએ છીએ કે ટુંક વખતમાં કેટલોક સુધારો થવા સંભવ છે. અને જે આણંદજી કલ્યાણજીની પેઢીને આવકમાંથી ઘટાડો થવા પામ્યો છે તેમાં ઘણોજ વધારો થવા સંભવ છે. આ બાબતમાં તાકીદે યોગ્ય પગલાં લેવામાં નહીં આવે તો સમય જતાં ધર્મશાળાના મુનિમો વધારે વધારે અગવડો ઉભી કરતા થશે.

હવે અંતિમમાં—અમે ગયા અંકમાં જણાવી ગયા અને અહીંયા પણ જણાવ્યું તેમ યાત્રીકોને કઇ કઇ જાતની હાડમારી

ભોગવવી પડે છે તે સમજી શકાય છે. એકંદરે પાલીતાણામાં હાલમાં ધર્મશાળાઓ ઘણીજ વધી પડયા છતાં મુનીમોની કેટલીક જો હુકમીથી યાત્રાળુને રહેવા જગા મળતી નથી તેમજ આપણી સમાજના ધનીકો મુનીમોને ભેટ સોગાદ આપતા હોવાથી આવી હાડમારી ગરીબોજ ભોગવે છે. જેની દાદ ફરીયાદ કોઈ સાંભળતું નથી, તો, ધનીકો કરતાં ગરીબો તેવી હાડમારીથી કેમ બચી શકે તેની પણ અમે ઝાંખી કરાવી છે તે ઉપરથી પાલીતાણામાંની ધર્મશાળાના માલીકો અને આણંદજી કલ્યાણજીની પેઢીના કાર્યવાહકોએ પહેલી તકે, ગરીબોને સુગમના કરી આપવાની ફરજ વિચારવાની છે.

× * *

સંવત ૧૯૭૩ ના માગશર સુદીપ ને બુધવાર પાના

૫૧૫—૧૬—૨૦ ઉપર છાપેલી તે.

પાલીતાણાની ધર્મશાળાઓ માટે ભ્રાન્તિના અનુભવીને જવાબ.

એક સાધારણ બનાવથી કેવી રીતનાં આચરણો અમલમાં મુકાય છે તેનું એક દ્રષ્ટાંત વર્તમાન ચર્ચાના કોલમમાં ભાઈબંધ "જૈન" પત્રકારે રજુ કર્યું છે. પાલીતાણાની ધર્મશાળાઓ માટે ભ્રાન્તિ એ નામના મથાળા નીચે અનુભવીએ ધર્મશાળાઓ બાબતના અમારા અગ્ર લેખ ઉપર ચર્ચા કરી છે. અને એમ કરતાં ધર્મશાળાઓ માટે જે હાડમારીની બુમો છે તેના ઉઠાવવા જોઈતા પોકાર ઉપર પાણી રેડયું છે. ચર્ચાપત્રીઓના પ્રહાર મુંગે મ્હોંયે સહન કરી લઈએ તો સમાજમાં એક પ્રકારની ખોટી અસર થાય તેટલા માટે જ ગમે તેવા વરેમાર્ગુઓ અને પુરાં પેપરો નહીં વાંચતાં વગર વિચાર્યે લખનારાઓને જવાબ આપવાનું વ્હોરી લેવું પડે છે.

" અનુભવી " પુરેપુરા ધર્મશાળાની સ્થિતિના તથા ઐતિહાસીક જ્ઞાનના જ્ઞાતા હોય એમ તેમના લખાણુ ઉપરથી વાચકને લાગી જાય પણ પ્રથમ ગ્રાસે મક્ષિકા ભક્ષ: જેવું અનુભવીએ કર્યું છે. શરૂઆતમાં " દાયકા પુર્વે જ્યારે ધર્મશાળાઓ આટલી નહોતી ત્યારે ત્રીસ હજાર માણસોને ઉતરવાની સવડ થતી હતી આમાં યાત્રિકોની દયા કરવાનો દંભ કરવા જતાં કેવું કાચું કપાઇ ગયું છે તે જોઇએ. " એમ અનુભવી લખે છે. હવે, અનુભવીના લાંબા અનુભવનો પરિચય સમાજને થાય તે પહેલાં અનુભવીને વાંચતાં આવડતું નથી અથવા તો પોતે શું વાંચ્યું છે અને પોતે કેવા આશયથી લખે છે તે પણ સમજી શકતા નથી એમ કહેવું જોઇએ. દાયકાનું લખ્યું નથી પણ ત્રીસ વર્ષ પહેલાં લખ્યું છે. અનુભવી આગળ જતાં "દાયકા પહેલાં" ને "પુર્વકાળમાં" કહે છે એટલે પુર્વકાળ કયા સમયને કહે તેટલી પણ તેનામાં અકલ નથી. એવી સ્થિતિમાં તે ઐતિહાસિક જ્ઞાન બતાવી સંઘ અંજન શલાકા જેવા પ્રસંગોની સ્થિતિ વર્ણવા જાય છે. અમારૂં કહેવું એવું નથી કે ત્રીશ હજાર માણસો ધર્મશાળામાં સમાઇ શકતા. પણ અમારૂં કહેવું એવું છે કે ધર્મશાળા ન છતાં એવી મોટી સંખ્યાની પણ ગમે તેમ કરી સગવડતા થતી જ્યારે આજે ધર્મશાળાઓ છતાં આઠ હજાર માણસ સગવડતાના અભાવે હાડમારીનો પોકાર કરે છે. અનુભવી પાલીતાણાના હોય તોજ તે અનુભવી લખી શકવાને હીંમત કરે અને તેથી સમજાય છે કે તે કોઈ પ્રકારના મેલ વિના જો તે અનુભવી પોતાના શુદ્ધ હૃદય ઉપર હાથ મુકી કલમ ઉઠાવી લખે કે, યાત્રીઓની હાડમારી કેટલી છે. તો તે ખરેખરૂં લખશે. કાર્તીક પુનમ ઉપર સંઘ હોય જ નહીં. ત્રીસ વર્ષનાં પહેલાં ,યાત્રિકોની સંખ્યા અમે લખી છે તે વખતે અનુભવીનો જન્મ પણ નહીં હોય અને કાંતો પારણામાં હીંચોળાતા હશે. ધર્મશાળાની ગણત્રી કરી કેટલા મનુષ્યો સમાઈ શકે તેની એક સંખ્યા ગણના આપી છે તેનો તે પ્રયાસ ધન્યવાદને પાત્ર છે. પણ તેની સાથે દરેક ધર્મશાળાઓની કેટલી ઓરડીઓ છે. દરેક ઓરડીમાં તેની પરશાળમાં અને ચોકમાં કેટલા માણસો સમાય ,એવી ગણના

ફરી તેમણે સંખ્યા મુકી હોત તો એક ઓરડીમાં બે માણસ સમાય એવી રીતે ગણી જે સંખ્યા મુકી છે અને તેથી પોતે ભગીરથ પ્રયાસ કર્યો હોય એવો ડોળ કર્યો છે. અને યાત્રિકોની દયા ખાવાનો દંભ કરવા જતાં કાચું કપાઇ ગયું છે એવા શબ્દ વાપરી પાંડિત્ય વાપર્યું છે તે યોગ્ય છે કે નહીં તેનો નિર્ણય તત્કાળ થઈ જાત. નહીં તો વાંચનારાઓ કે જેમાંના લોકોએ ધર્મશાળાઓ જોઇ હશે. તે પુર્ણ રીતે સમજી શકશે કે "જૈન"માં આપેલી ધર્મશાળાઓમાં સમાઈ શકે તેટલા મનુષ્યોની સંખ્યા ગણના લખી છે તે ખરી છે કે ખોટી ? અનુભવી " ધર્મશાળાઓમાં ઠાંસી ઠાંસીને યાત્રિકોને ભરવામાં આવે તો ૬૪૦૦) માણસોનો સમાવેશ થઇ શકે તો પછી ત્રીસ હજાર માણસ પહેલાં ક્યાં સમાઈ જતાં હતાં એ વિચારો ક્યાં ઉભા રહે છે તેનું વિચારવાને વાચકોને સોંપે છે પણ અનુભવી એમ કહેશે કે અમે એમ કહ્યું છે કે ધર્મશાળાઓમાંજ એ ત્રીશે હજાર માણસો સમાઇ જતા ? ? અમારો એ ઈરાદોજ નથી. યાત્રિકો ગમે તેમ કરતા આ વખતે જેમ સ્ટેટ તરફથી મદદ લીધી વળી અનુભવી જણાવે છે તેમ યાત્રિકો તંબુઓ નાંખી ગમે તેમ સગવડ કરી લેતા પણ મુળ વાત એ છે કે તેઓ ગમે તેમ સગવડ કરી લેતા પણ અગવડતા માટે પોકાર ઉઠતો નહીં દક્ષિણમાં બહોળા અનુભવવાળા અનુભવી ફર્યા હોય તો ચારસો પાંચસો માણસની સંખ્યાવાળા ગામડામાં મેળાઓ ભરાય છે ત્યાં હજારો માણસ ચાર ચાર છ છ દિવસના મેળામાં એકત્રિ થાય છે તે બધાં ક્યાં સમાતાં હશે ? હમણાજ આ ચાલુ જ સપ્તાહમાં સાદડી પાસેના ઘાણેરાવ ગામ કે જે ગામમાં એક હજારથી વધારે માણસની વસ્તી નથી ત્યાં આચાર્યશ્રી નેમવિજયસુરીશ્વરના અધ્યક્ષપણા નીચે પંન્યાસ પદવીના પ્રસંગમાં ભાવનગરના એક સંભવિત ગૃહસ્થ પોતાના કાલનાજ પત્રમાં લખે છે કે ૨૫ હજાર માણસ એકઠું થયું હતું. મહેરબાન અનુભવીજી જણાશે કે આ મોટી સંખ્યા ક્યાં સમાઇ હશે ? અનુભવી પોતાનો લાંબો અનુભવ બતાવવા જતાં અને આખા પાતલીતાણા શહેરની વસ્તી તેર હજારની

છે ત્યાં ત્રીશ હજાર માણસની સંખ્યા કેવી રીતે સમાઇ શકે એ પ્રશ્ન ઉઠાવી હાંસી કરવા જતાં પોતેજ હાંસીને પાત્ર થઇ જાય છે અને અક્કલના ભંડાર તરીકે ઓળખાઇ જાય છે સંવત ૧૯૪૩ માં ત્રીશ હજાર માણસની મોટી સંખ્યા મેળા ઉપર હાજર હતી એ ઇતહાસનું જ્ઞાન ધરાવનારા અનુભવીને ખબર જાણ નહીં હોય કારણ કે તે વખતે તો " અનુભવી " ગામડાનાં પાદરમાં છોકરાંઓ ભેગા ગીલ્લી દંડે ખેલતા હશે અને પછી તો ગુલામગીરી સ્વીકારીને કોઇક ખુણે સડતા હશે તેવાઓ અનુભવીના લેબાશમાં જાહેર પત્રોમાં ડોકીયાં કરે અને ખુલ્લાં નામો નહિ આપતાં ડરકણની પેઠે અંધારામાં રહે એજ એના બહોળા અનુભવની પરિપકવતા (?) જણાવી આપે છે. પાલીતાણા ખાતે જે લોકોએ ધર્મશાળાઓ બંધાવી છે તે લોકોના ઇરાદા પોતપોતના ગામની પ્રાંતની કે વિભાગની વસ્તી માટે બંધાવી છે તે ધણી વખોડી નાંખવા જેવી છે બલ્કે ધિક્કારને પાત્ર છે. ધર્મશાળાના બંધાવનારાઓને પુછે અથવા અનુભવીજી પુછી આવે અને તેનુ હસ્તપત્રક લાવે કે તેઓએ પોતપોતાના પ્રાંતવાર ધર્મબંધુઓ માટે બાંધી છે તો તે હસ્ત પત્રકોને પણ આ વિશ્વસ્નેહ ફેલાયેલો છે જેમાં એવા શાન્તી અને વિદ્યા ઉન્તિના જમાનામાં પાણીમાંજ બોળી દેવાં જોઇએ. ધર્મશાળાઓવાળા ગાદલાં ગોદડાંનાં ભાડાંજ લેછે એમ નથી પણ એવા અનેક પ્રકારનાં ખાતાંઓ કાઢયાં છે અને તેથી આણંદજી કલ્યાણજીની આવકને ધક્કો લાગ્યો છે એમાં શંકા નથી. હમ્મક ઠરાવતાં અનુભવી હમ્મકની અંગ્રેજી જોડણી પણ જાણે છે કે નહીં તે તો તેનું હૃદય જાણે. બાકી પ્રજાની જે પ્રકારની અગવડો છે તે સામે લખવામાં વિક્ષેપ નાંખવા જેવાં લખાણો કરવાનું ઉછાંછળા પણું અનુભવી માંડી વાળશે તોજ તે ધર્મ બન્ધુઓનાં દુખોમાં અન્યથા ભાગ લેનારા છે એમ ગણાશે નહીં. સહુને નિર્મલ સદબુદ્ધિ પ્રાપ્ત થાઓ એજ ભાવના,

પાલીતાણાની ધર્મશાળા એક નહીં પણ બીજી.

“જૈન શાસન” પત્રમાં ગયા બે અંકોમાં પાલીતાણાની સ્થિતિ અને ખાસ કરીને ધર્મશાળાઓને માટે શાસનના અધિપતિએ જે વિચારો બહાર પાડયા છે. તે ખરેખર પ્રસંસનીય છે. તેમાં ગયા અંકમાં કોટાવાલા ધર્મશાળાનું નામ આપી જે ઉલ્લેખ કર્યો છે, તે સંબંધમાં જાણવા ફેર થએલું છે. આં વખતે કાર્તિકી પૂર્ણિમાના પ્રસંગ ઉપર કોટાવાલાની ધર્મશાળાના મુનીમ મણિલાલ ભાયચંદે યાત્રાલુઓને ઉતરવાને ઘણી સારી સગવડતા કરી હતી. ધર્મશાળાની કોટડીઓ અને દુકાનોમાં યાત્રાળુઓને ઉતરવા દેવા ઉપરાંત ચોકની અંદર એક મોટો માંડવો ઉભો કરી ઘણાં યાત્રાળુઓને ઉતરવાની સગવડતા કરી આપી હતી. એમ મારા જાણવામાં છે. શેઠને આવવાના બ્હાનાથી મુનિરાજોને ખશેડવાની, માંડમાંડ મુનિરાજને એક કોટડીમાં રહેવા દેવાની અને શેઠનું નામ લઈ મુનિરાજોને ખશેડવાથી શેઠ નારાજ થયા હતા, આ બધી જે હકીકત લખાયેલી છે તે શેઠ પન્નાલાલની ધર્મશાળામાં બની હતી. લોકો ભરમમાં ન પડે એટલાની ખાતર આટલો ખુલાસો કરવો પડયો છે.

* * ×

સંવત ૧૯૭૩ ના માગશર વદી ૧૦ ને બુધવાર પાના ૫૭૩ ઉપર છાપેલી તે.

વર્તમાન ચર્ચા.

પાલીતાણામાં કાર્તકી પુનમની યાત્રા સમયે થએલો જાતિ અનુભવ.

શ્રી જૈન શાસનના અધિપતિ જોગ,

નીચેની બિના તમારા પ્રસિદ્ધ પત્રમાં જૈન સમાજની જાણ

માટે પ્રગટ કરશોજી:-પાલીતાણામાં લગભગ ૩૪ થી ૩૫ ધર્મ-શાળા છે તે છતાં યાત્રાળુઓને જગ્યા નથી મળતી તેના ઘણા કારણો છે જેમાંના કેટલાએક તમારા જુના અંકોમાં જણવાઇ ગયા છે. તે કારણો પૈકી મુખ્ય નીચેના છે.

૧ ધર્મશાળાના મુનીમો જગ્યા ખાલી હોવા છતાં યાત્રાળુને ઉતરવા દેતા નથી. તેઓને જો પૈસા આપવામાં આવે તો તુરતજ તેઓ ઓરડો કાઢી આપે છે ખાલી ઓરડાએમાં તેઓ પોતાનો થોડો થોડો સામાન રાખી મુકે છે અને તેને તાળાં દઇ રાખે છે, જે યાત્રાળુ હકની રૂએ ઓરડાઓ જોવા માગે છે ત્યારે તેઓને આવા સામાન મુકેલા ઓરડા બતાવવામાં આવે છે.

૨ કચ્છી બંધુઓ અને ગુજરાતી તથા કાઠીયાવાડી બંધુઓ ધર્મ બંધુ હોવા છતાં તેઓ એક બીજાની પ્રત્યે કટુ ભાવથી જુવે છે કચ્છીની ધર્મશાળા સારી સંખ્યામાં છે અને તે પ્રમાણમાં બીજી ધર્મશાળાઓ કરતાં મોટી છે છતાં તેમાંની એકાદ કે બે સિવાય બાકીની ધર્મશાળામાં કચ્છી સિવાય બીજાઓને ઉતરવા દેવાની સાફ ના પાડવામાં આવે છે તેવીજ રીતે કચ્છીઓને બીજી ધર્મશાળામાં ઉતરવા દેવા માટે ધર્મશાળાના માણસો આનાકાની કરે છે. યાત્રાળુઓનું મોટું પ્રમાણ મારવાડી, ગુજરાતી અને કાઠીઆવાડી ભાઇઓનું હોય છે અને કચ્છી ભાઇઓની સંખ્યા તેના પ્રમાણમાં ઓછી હોય છે અને તે કચ્છીની સંખ્યાના પ્રમાણમાં તેઓની ધર્મશાળા ઘણી છે એટલે તેઓને બહુ મુસ્કેલી નથી પડતી પણ બીજાઓની બહુ દયાજનક સ્થિતિ થાય છે.

૩ જે માણસો દર વરસે યાત્રા કરવા પાલીતાણે આવે છે તેઓ હંમેશાં અમુકજ ધર્મશાળામાં ઉતરે છે અને ,તેઓ ધર્મશાળાના માણસને જતી વખતે શીખ આપતા જાય છે એટલે તેઓને માટે પ્રથમથીજ જગ્યા રાખી મુકવામાં આવે છે.

૪ ધર્મશાળાના માલીકોના તથા મુનીમના સગાં કે સંબંધીઓ કે પિછાણવાળાઓ પોતાને વાસ્તે જગ્યા રાખવાના પત્રો લખે છે. પરંતુ પોતે ક્યારે આવવાના છે તે દિવસ ચોક્કસ કરી લખતા નથી પત્ર લખ્યા પછી ૧૫ દીવસે આવનાર હોય કે

પછી એક મહિને આવનાર હોય તો પણ તેઓને માટે જગ્યા રાખી મુકવામાં આવે છે અને બીજા યાત્રાળુઓ બે કે ચાર દિવસ રહેવા માગતા હોય તો પણ તેઓને આવી રાખી મુકેલી જગ્યામાં ઉતરવા દેવામાં આવતા નથી.

૫ ચોમાસામાં યાત્રાળુઓની સંખ્યા બહુ ન હોય એટલે જગ્યા પુષ્કળ ખાલી હોય તેવે પ્રસંગે મુનિમહારાજો, સાધ્વીઓ અને બીજા યાત્રાળુઓ જોઇએ તેટલી જગ્યા વાપરવા લેછે પરંતુ કાર્તકી પૂનમ જેવા યાત્રાના વખતે તેઓને સંકોચથી રહેવાનું કહેવામાં આવતું નથી અને કદાચ કહેવામાં આવે તો તેઓમાંના ઘણા ખરા આનાકાની કરે છે (કબજામાં આવેલી જગ્યા આપવી કોને ગમે) સમજુ મુનિમહારાજો હોય તેઓ તો થોડી ઘણી કાઢી આપે છે. પરંતુ મોટો ભાગ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે નાજ પાડે છે.

૬ છેલ્લા દશ વર્ષમાં ધર્મશાળા નિમતે જે જે મકાનો થયાં છે તેને કેટલાએક ગુપ્ત કારણોને લીધે ધર્મશાળાનું નામ આપવામાં નથી આવતું પણ " હવેલી " "બિલ્ડીંગ" કે કોઇ બીજા એવા નામથી તે ઓળખાય છે. આવાં મકાનના માલીકોમાંના કેટલાએક એમ કહે છે કે " અમારૂં મકાન ખાનગી છે, તે કાંઈ ધર્મશાળા નથી " એટલે આવા મકાનોમાં યાત્રાળુઓને ઉતરવા દેવામાં નથી આવતા માત્ર મકાનના માલીક, અથવા તેમની ઓળખાણવાળા અને બહુ તો જેઓ શ્રીમંત હોય તેઓનેજ માત્ર ઉતરવા દેવામાં આવે છે. નહિ તો તે જગ્યા ખાલી પડી રહે છે.

૭ સામાન્ય એવું જણાય છે કે ધર્મશાળાના માલીકો જે ગામના કે જે જાતના હોય તે ગામવાળા કે તે જાતવાળાઓનેજ તેઓની ધર્મશાળામાં ઉતરવા દેવામાં આવે છે.

૮ ધર્મશાળાના માલીકો અમુક ઓરડા ખાસ પોતાને માટેજ જુદા રાખે છે. તેમાં તો કોઈને ઉતરવા દેવામાં આવતાજ નથી.

૯ દરેક ધર્મશાળામાં એક કે બે મોટા દીવાનખાના હોય છે. આમાં ૫૦ થી ૬૦ માણસોનો સમાવેશ થઇ શકે તેવું હોય છે. પરંતુ તે ઘણે ભાગે મુનિમહારાજોના કબજામાં હોય છે અને તેમાંના ઘણા ખરામાંતો બેથી આઠ સુધીજ મહારાજો હોય છે.

આ સઘળા કારણો જો દુર થાય તો યાત્રાળુઓની ઘણી હાડમારી ઓછી થાય અને યાત્રા કર્યા વિના યાત્રાળુઓને (જેમ આ પ્રસંગે લગભગ બન્યું હતું) પાછા જવું ન પડે આ કારણો

દુર થઇ શકે તેમ છે માત્ર ધર્મશાળાના માલીકો અને મુનિમહારાજો આ વાત લક્ષમાં લેશે તો તુરતજ સગળું થઇ શકે તેમ છે.

ઉપરોક્ત બાબતોનો મને જાતે અનુભવ થયો છે ગામ બહારની જેટલી ધર્મશાળા છે તે દરેકમાં હું તથા કેટલાએક મિત્રો સાથે ગયા હતા અને તે દરેક ધર્મશાળાવાળાએ જગ્યા ખાલી હોવા (જગા ખાલી છે એની અમે ખાતરી કરી હતી) છતાં અમને સાફ ના પાડી હતી અમારે કાંઇ જગ્યા જોતી નહોતી અમે તો માત્ર તપાસ કરવા માટેજ ફરતા હતા અમને ના પાડી એટલુંજ નહિ પણ બીજા ઘણાઓને ના પાડવામાં આવી છે આની જેને ખાતરી જોતા હશે તેને આપવા તૈયાર છું એટલું નહિ પણ જે જે માણસને ના પાડવામાં આવી છે તેના નામ તથા ગામ સુદ્ધાં કોઇને જોશે તો તે પણ આપવા તત્પરછું. કાઇ ગૃહસ્થ કદાચ એમ પોતાની ધર્મશાળા માટે બચાવ કરશે કે “ અમારી ધર્મશાળામાં જે ગૃહસ્થો ઉતર્યા છે તેઓએ ધર્મશાળાના માણસોની વર્તણુક માટે સંતોષ જાહેર કર્યો છે અને તેને માટે નોંધ પણ કરી આપી છે તેનું કેમ ” ? આવા શ્રીમાનોને હું એટલુંજ પુછીશ કે આવા પ્રકારનો સંતોષ જાહેર કરવાવાળા પૈસાદાર હતા કે ગરીબ ? પૈસાદાર માણસોની ધર્મશાળાના નોકરો આગતા સ્વાગતા કરે તેમાં શું નવાઇ ? કેમકે તેઓના તરફથી તેઓને સારી બક્ષીસો મળે છે એટલે તેઓનું કામ સારૂં કરેજ પરંતુ સાધારણ સ્થિતિના યાત્રાળુઓઓને શું અનુભવ થાય છે તે વાત જાણવાથીજ ધર્મશાળાના માણસોની ખરી કીંમત આંકી શકાયછે.

આ કારણો દુર કરી યાત્રાળુઓ પોતાની યાત્રા શાંતિથી કરી જીવનની સાર્થકતા સાધે તેનું મહાન પુન્ય બાંધવા ધર્મશાળાના માલિકો શું ના મરજી દેખાડશે ? પોતે પરમાર્થ વૃત્તિથી હજારો રૂપિઆ ખર્ચી જે ધર્મશાળા યાત્રાળુઓને માટે બંધાવી છે અને તેમાં તેઓને જે પરોપકારી ઉદ્દેશ છે તે પાર નથી પડતો તે જાણી શું તેઓના હૃદયમાં લાગી નહિ આવે ? તેઓની ખ્યાતિ વધવાને બદલે તેઓની આ પ્રમાણે થતી અપકીર્તિના અવાજો તેઓના કાન સુધી શું નહિં પહોંચે ? પહોંચશે, જરૂર પહોંચશે એજ.

લી૦ સુમન.

સંવત ૧૯૭૩ ના માહા સુદી ૨ ને બુધવાર પાના

૬૫૩ ઉપર છાપેલી તે.

ભયંકર સ્વપ્ન

(જૈનસાસન પત્ર માટે ખાસ લખનાર જૈનોત્કર્પોત્સુક.)

નવીન વર્ષ શરૂ થયું, શાસન નાયક શ્રી વીર પરમાત્માના નીર્વાણ સમયે ગતરાત્રીના (આસો વદ અમાસ ગુજરાતી) દેવ વંદન કરી (શ્રી વીર પ્રભુ પારંગતાયનમઃ) એ પદનું ગણીને ૨૦૦૦ જાપની ૨૦ નોકારવાલી (ગણણું) ગણીને સુઇ ગયા પછી કંઇક જાગતા ઉંઘતા થોડી નીંદ્રા આવી તેવામાં થોડા વખતમાંજ જાગૃત થતાં કાને અવાજ આવ્યો કે "નવા વરસના શુકન" ના પોકાર કરતાં નીમક (મીઠું) વેચવા ફેરીયાઓ નીકળ્યા તેથી ઉઠીને લઘુશંકા નીવારીને શુધ્ધ વસ્ત્ર પહેરી કટાસણું પાથરીને મુહપતી ચરવલો લઇને બેઠો કુસ્વપ્ન દુસ્વપ્ન નીમત્તે કાઉસગ્ગ કર્યો તેમાં લોગસ્સ ગણતાં ગણતાં મનો વર્ગણામાં આહા દોહા વિચારોની શ્રેણી ચાલતા ઉપયોગ આવ્યો તેમાં સ્વપ્ન સંબંધના વિચારોનો પ્રવાહ ચાલ્યો તેમાં એક પછી એક જે વિચીત્ર બનાવો જોયા જેની વીગત નીચે પ્રમાણે છે.

સ્વપ્ન ૧ લું.

હું સીધ્ધગીરી યાત્રા ગયો છું અને એક જૈન શ્રીમંતની બંધાવેલી જાહેર ધર્મશાળામાં ઉતર્યો છું જે તલાટી જતા રસ્તાપર આવેલી છે યાત્રાળુઓની ઠઠ જામતી જાય છે દીન પર દીન દરેક ટ્રેનમાં સંખ્યાબંધ માણસો આવે છે કાર્તકી પુર્ણીમા નજીક આવતી હોવાથી યાત્રાળુઓને જગ્યા પણ મળતી નથી જેથી ધર્મશાળાના ઓટલા ઉપર સામાન મુકીને દરેક ધર્મશાળામાં જગ્યા શોધવા જાય છે. કોઇ ધર્મશાળાના મુનિમ સાહેબોને તો કોઈ ધર્મશાળાના રખવાળા માણસોને આજીજી કરી રહ્યા છે કોઈ જાત્રાળુ મુનિમોને ધમકી આપે છે ને કોઇ મુનિમો જાત્રાલુને ધમકી આપી ધકા મારે છે એમ કરતાં કોઇ કોઈ

રખડી રઝળીને પાછા આવીને હું જે ધર્મશાળામાં ઉતર્યો હતો ત્યાં આવીને મુનિમજીને કરગરે છે મુનિમજી ઘણા ધર્મીષ્ટ સચિતના ત્યાગી પાણીના અપકાય જીવોની પણ દયા પાળનાર ઉકાળેલું પાણી પીનાર હોવાથી લોકોને સમજાવીને કહે છે જે ભાઈ ઓરડી તો કોઇ ખાલી નથી બાકી જોઇએ તો ધર્મશાળાની ખુલ્લી જગ્યા (મેદાન અગાસી) માં ને ઓટલા ઉપર નીર્વાહ કરો. આવી ઉદારતા દર્શાવી કડકડતી તાઢમાં બાળ બચ્ચાં સહીત બીચારા કેટલાક જાત્રાળુઓને આશ્રય આપ્યો આ વખતમાં કમનસીબે માવઠું થયેલ હોવાથી તાઢનો કડાકો પણ ખુબ પડયો હતો તેમાં ઉઘાડી જગ્યામાં બીચારાઓ બેવડા વળી અધમુવા જેવા થઇ ગયા હોય તેવા લાગતા હતા તેમાં બીચારા બાળકોની હાડમારીનું વર્ણન પણ શું કરી શકાય આવી સ્થિતિમાં સખત -હૃદયના માનવીને પણ કરૂણા આવે ત્યારે આપણા મુનીમ સાહેબની દયા પર દીલગીરી સાથ હસવું આવ્યું કેમકે થોડા દીવસ પર મજકુર મુનિમ સાહેબને આપણી કોમના એક મજકુર શેઠ સાહેબનો ટેલીગ્રાફ (તાર) આવ્યો હતો જેમાં લખ્યું હતું જે " અમે સહકુટુંબ પુનમ ઉપર આવીશું માટે જગ્યાનો બંદોબસ્ત રાખજો " બસ તાર મળતાંજ મુનિમજીયે એક મોટો હોલ અને રસોડે તાળાં લગાવી દીધું (કે જેમાં છુટા જાત્રાળુ મોટા પ્રમાણમાં રહી શકત) તેટલી જગ્યા તો આપણા માન્યવર શેઠજી માટે રીઝર્વ થઈ ગઈ છે મુનિમજી શું કરે ? નીરૂપાય કેમકે કોઇ જાત્રાળુ પાસેથી લાંચ કે રૂશવત લેવાની તો ધર્મશાળાના માલીકની મનાઈ અને બોર્ડ પણ ચોડેલાં વળી મુનીમજી પોતે પણ ધર્મીષ્ટ હોવાથી લાંચ કે રૂશવત કેમ લે ? (અલબત કદાચ નજરાણા જયણાકી છુટ હોય તો કહેવાય નહીં) પણ અત્યારે તો બીચારા યાત્રાળુઓની હાડમારીનો છતી જગ્યાએ પાર રહ્યો નહીં કડકડતી તાઢ તેમાં બાલબચ્ચાઓનો કકલાટ એટલો તો ત્રાસદાયક ને દયાજનક હતો કે કઠોર હૃદયવાળાનું જીગર પણ પીગળી

જાય ત્યારે આપણા ધર્મ ચુસ્ત અપકાય (પાણીના) જીવોની દયા પાળનારા હોવા છતાં એવા સ્વધર્મી મુનીમજીને પોતાના સ્વામિબંધુઓની કે પંચેદ્રીય જીવોની કે તેમના થરથર ધ્રૂજતા બાળકોના કલકળાટની જરાપણ દયા આવી નહીં, ચુપ અરે હું ભુલ્યો એમાં એવા ભલા મુનીમજીનો શું દોષ ? કેમકે આ સઘળો પ્રતાપ આપણા માન્યવર શેઠ મોસુફનોજ, સમજવો કેમકે ધર્મશાળાઓ કોને માટે બનાવીહોય છે? પુન્યશાળીઓ સારૂ કે આવા ગરીબ ગુરબાઓ સારૂ ? ગરીબોથી તો ધર્મશાળાના માલીકોને શરમાવું પડે. વળી તેવા બાડખાંઓ બીરાજતા હોય તો ટોળી જમાડે નોકારસી જમાડે વિગેરે ધર્મ દીપાવે તેથી ધર્મશાળાની ને મુનિમજીની પણ શોભા વધે સર્વેને વીદાયગીરી ભોજન વીગેરે પણ મળે વળી લાંચ કે રૂશવત ન લે ને ધર્મપરાયણ પ્રવૃત્તિથી જોવાથી વખતે નજરાણું પણ મળે પણ ગરીબમાં શું વળે ? બે ચાર આના કે પાણ પાવલું માંડ માંડ મળે વળી કોમના આગેવાનોની એટલી એટલી ધર્મશાળા હોય ને તેવા આગેવાનો કયાં ભાડે લવા જાય ? ગરીબો તો ગમે તેમ મુંગે મોઢે ગુજારી લે. આહા ! શું આશ્ચર્ય આવા શ્રીમંતોને આવા ઉના પાણી પીનાર (પાણીના જીવોની દયા પાળનાર) ધર્મીષ્ટ પુરૂષોના મગજો કયારે સુધરશે ?

એ વિચાર કરતાં કરતાં કાઉસગ્ગમાં કેટલા લોગસ્સ ગણ્યા એવા ઉપયોગની જાગૃતિ થતાં આંખ ઉઘડી ગઇ ને પ્રમાદી નીંદ્રાનો પશ્ચાતાપ કરતાં લોગસ્સ પુરો સ્તવ્યો ને બીજો લોગસ્સ ગણવા લાગ્યો ને વળી આંખમાં નીંદ્રા ભરાણી કે બીજું સ્વપ્ન દેખાવા લાગ્યું જેનો સાર હવે પછી રજુ કરીશ.